# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા ડાંગરના ધરૂવાડીયાની તૈયારી અને ખેતી પધ્ધતિ અંતર્ગત ઓનલાઈન તાલિમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તા. ૦૯/૦૬/૨૦૨૧ ના રોજ ડાંગરના ધરૂવાડિયાની તૈયારી અને ખેતી પધ્ધતિ અંતર્ગત ગુગલમીટના માધ્યમથી ઓનલાઈન તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૬૫ તાલિમાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની શરૂઆતમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. એ.સી.વૈદ્ય દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરી પ્રસંગોચીત ઉદબોધન કરવામાં આવ્યુ હતું. તેઓએ ચોખાના રાસાયણીક ગુણધર્મોની ચર્ચા કરી અને રાઈસ બ્રાનનાં મહત્વ વિષે જણાવ્યુ તેમજ સ્વાસ્થ્ય માટે ઉપયોગી પોલિશ વગરના ચોખા નો ઉપયોગ કરવા અનુરોધ કર્યો. ત્યારબાદ મુખ્ય ચોખા સંસોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ ખાતેના સંશોધન વૈજ્ઞાનીક ડો. એમ. બી. પરમાર દ્વારા જે તે વિસ્તારને ધ્યાનમાં રાખીને અનુરૂપ ડાંગરની વિવિધ જાતો તેમજ તેના ગુણધર્મો વિષે વિસ્તૃત ચર્ચા કરવામા આવી હતી. તેઓએ અર્થક્ષમ અને ગુણવત્તા સભર ઉત્પાદન માટે ખાતરનો સપ્રમાણ ઉપયોગ કરવા જણાવ્યુ. કેવિકેના વૈજ્ઞાનીક ડો. વાય. સી. લકુમ (એગ્રોનોમી) દ્વારા ડાંગરનુ વૈજ્ઞાનિક રીતે ધરૂવાડીયુ બનાવવા તથા આદર્શ ધરૂ ઉછેર, ધરૂવાડીયામાં ખાતર અને પિયત વ્યવસ્થાપન, નિંદણ નિયંત્રણ, મુખ્ય અને સુક્ષ્મ પોષક તત્વોનો સમજપુર્વક ઉપયોગ વગેરે બાબતે સવિસ્તાર જણાવ્યું હતું. કેવિકેનાં વૈજ્ઞાનિક ડો. આર. એમ. પટેલ (વૈજ્ઞાનિક, પાક સંરક્ષણ) દ્વારા ડાંગરના ધરૂવાડીયામાં રોગ-જીવાત નિયંત્રણ તેમજ બીજ માવજત વિષે માહિતી આપવામાં આવી હતી. વૈજ્ઞાનીકોના વક્તવ્ય પછી ખેડૂતો દ્વારા કેટલાક મહત્વના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જેના વૈજ્ઞાનીકોએ સંતોષકારક જવાબો આપ્યા હતા. કાર્યક્રમના અંતે ડો.આર. એમ. પટેલ દ્વારા સર્વેનો આભાર માનવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) તેમજ ડો. આર. એમ. પટેલ (વૈજ્ઞાનિક, પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


meet.google.com/fys-eaas-xff
Apps
Tax Calculator
Your call request |...
Instructions for Join...
Speech to Text Guj...
Reading list
LAKUM CHATURBHAI is presenting
ગુર્જરી
જી.આર. ૧૨
જી.આર. ૭
Click to add notes
Research Sci. Rice AAU
59 others
You
People
Mute all
Add people
Host controls
sanjay gohel
Sejal Patel
shailesh patel
Shashvat rathava
Shrikant Katole
Srushti Patel
Subhash Vaghela
11:10 AM | ડાંગરના ધરૂવાડિયાની તૈયારી અને ખેતી પધ્ધતિ


આણંદ કૃષિ યુનિવર્સિટી
મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર
AAU
Click to add notes
Aabidali Saiyad
Ramanbhai Patel
Research Sci. R...
shailesh patel
Pinakin Patel
Srushti Patel
Ronak Patel
55 others
You
10:59 AM | ડાંગરના ધરૂવાડિયાની તૈયારી અને ખેતી પધ્ધતિ
Type here to search
10:59
09-06-2021